ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/પૂરક-2020/ ૪૧૫
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ, સેકટર-10-બી,
ગાંધીનગર.
તા.18/08/2020

પ્રતિ,

(1) આચાર્યશ્રીઓ,
રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓ (તમામ)
ગુજરાત રાજય.

(2) પ્રધાનાચાર્યશ્રીઓ,
સંસ્કૃત પાઠશાળાઓ (પ્રથમા) તમામ
ગુજરાત રાજય.

વિષય:- પૂરક - 2020 એસ.એસ.સી. પરીક્ષાની પ્રવેશિકા (Hall Ticket) સૂચનાઓ.

મહાશય,

જયભારત સાથે જણાવવાનું કે, પૂરક-2020ની એસ.એસ.સી. પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોની Hall Ticket (પ્રવેશિકા)ની ઓનલાઇન પ્રિન્ટ શાળાના આચાર્યશ્રીઓ દ્વારા બોર્ડની વેબસાઇટ ssc.gsebht.in અથવા www.gsebht.in અથવા www.gesb.org પરથી તા:- 18/08/2020 ના રોજથી ડાઉનલોડ કરી શકાશે. હૉલટીકીટની પ્રિન્ટ મેળવ્યા બાદ આગળની જરૂરી કાર્યવાહી અર્થે આ પરિપત્રમાં આપેલ નીચેની સૂચનાઓનો અભ્યાસ કરી લેવાનો રહેશે.

- પ્રવેશિકા (Hall Ticket) અંગે સૂચનાઓ:-

1. પૂરક-2020ની પરીક્ષાના તમામ ઉમેદવારોની ફોટાવાળી પ્રવેશિકા ઓનલાઇન આપવામાં આવે છે. આચાર્યશ્રીએ ઉમેદવારનો ફોટો ચકાસી ફોટા ઉપર સહી કરી પ્રમાણિત કરી ઉમેદવારને પ્રવેશિકા સુપરત કરવાની રહેશે. આચાર્યશ્રીના સહી સિક્કા વગરની પ્રિન્ટઆઉટ માન્ય ગણાશે નહીં.
2. હૉલટીકીટની ઓનલાઇન કાઢેલ પ્રિન્ટઆઉટ પર ઉમેદવારોનો ફોટો બ્લેક એન્ડ વ્હાઇટમાં છપાયેલ હશે. તે ઉપરાંત પ્રિન્ટઆઉટના નીચેના ભાગ પર આપેલ ચોરસ ખાનામાં ઉમેદવારનો ફોટો લગાડી આચાર્યશ્રીના સહી-સિક્કા કરવાના રહેશે.
3. જે ઉમેદવારની પ્રવેશિકામાં ઉમેદવારનો ફોટો ન હોય તે અને એક ઉમેદવારને બદલે અન્ય ઉમેદવારનો એટલે કે બીજા ઉમેદવારના ફોટાવાળી પ્રવેશિકા મળેલ હોય તો જે તે ઉમેદવારનો સાચો ફોટો લઇ શાળાના આચાર્યશ્રીએ પ્રવેશિકામાં ફોટો ચોંટાડીને પ્રમાણિત કરી આપવાની રહેશે અને તે ઉમેદવારના માર્ચ-2020ની હૉલ ટીકીટની ઝેરોક્ષ નકલ પરીક્ષા સમયે સાથે પૂરાવા તરીકે રાખવાની રહેશે.
   જેથી ખંડનિરીક્ષક સાચા વિદ્યાર્થીની ઓળખ કરી શકે. ( આ બાબતે સુધારા માટે બોર્ડની ગાંધીનગર કચેરીમાં આવવાનું નથી.)

4. પરીક્ષાની પ્રવેશિકામાં બોર્ડ દ્વારા ફાળવેલ કેન્દ્ર સિવાય અન્ય પરીક્ષા કેન્દ્ર આવેલ હોય તો શાળાના તમામ ઉમેદવારોની અસલ પ્રવેશિકા સહિત કેન્દ્રમાં સુધારો કરવા બોર્ડની ગાંધીનગર ખાતે કચેરીનો રૂબરૂ તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે. સાથે સંબંધિત આધારો રાખવાના રહેશે, કારણ કે બેઠક વ્યવસ્થા બદલાતી હોઇ પરીક્ષાના બ્લોક નંબર / બિલ્ડીંગ વ્યવસ્થાની પણ ફાળવણી કરવાની આવશ્યકતા હોય છે. પૂરક પરીક્ષામાં જિલ્લા કક્ષાએ પરીક્ષા કેન્દ્ર હોય છે તે ધ્યાને લેવું.

5. જો કોઇ પરીક્ષાર્થીએ શાળાદ્વારા કે સ્વયં ઓનલાઇન પૂરક પરીક્ષાનું આવેદન પત્ર ભરેલ હોય અને બેઠક નંબર ફાળવેલ ન હોય તેવા સંજોગોમાં પરીક્ષાર્થીનું ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ સાથે લઇ તાત્કાલિક રૂબરૂમાં બોર્ડનો સંપર્ક કરવો જેથી તેના આધારે જે તે કેન્દ્રમાં બેઠક નંબર ફાળવી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. જો કોઇ પરીક્ષાર્થી ખોટી રીતે કામચલાઉ નંબરથી કોઇ પણ કેન્દ્ર પરથી પરીક્ષામાં બેસશે તો તેમનું પરીણામ અનામત રાખવામાં આવશે કે રદ કરવામાં આવશે. (ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ વગર કોઇ રજૂઆત ધ્યાને લેવાશે નહીં.)

6. ઉમેદવારના અટક / નામ / પિતાના નામ કે જન્મ તારીખમાં સુધારો કરવાનો હોય તો સંબંધિત ઉમેદવારની પ્રવેશિકાની પ્રમાણિત ઝેરોક્ષ નકલમાં લાલ પેનથી જે તે સુધારો દર્શાવી તા:-30/08/2020 સુધીમાં બોર્ડની કચેરીમાં ટપાલ દ્વારા મળી રહે તે રીતે મોકલવાની રહેશે. જેના માટે કચેરીમાં રૂબરૂ આવવાનું રહેતું નથી. (ગાંધીનગર કચેરી, માધ્યમિક વિભાગ)

7. એક જ ઉમેદવારની એક જ નંબરની બે પ્રવેશિકાઓ મળી હોય તો એક નકલ પર ડુપ્લિકેટ લાલ પેનથી લખી એક અસલ પ્રવેશિકા પરત કરવી. (ગાંધીનગર કચેરી, માધ્યમિક વિભાગ)

8. જો ઉમેદવારના બોર્ડ કક્ષાના વિષયમાં ફેરફાર કરવાનો થતો હોય કે ઉમેદવારની જવાબની ભાષામાં સુધારો કરવાનો થતો હોય તો ઉમેદવારની પ્રવેશિકાની પ્રમાણિત ઝેરોક્ષ નકલમાં લાલ પેનથી વિષય સુધારો દર્શાવવાનો રહેશે. તેમજ રૂબરૂમાં લઇને ગાંધીનગર કચેરીમાં આવવાનું રહેશે. તો જ તે વિષય મુજબ સુધારો થશે તેની નોંધ લેશો.

9. વિકલાંગ પરીક્ષાર્થીઓના પ્રવેશિકામાં DISABLED ઉલ્લેખ થયેલ ન હોય તો વિકલાંગતાનાં 40 ટકા કે તેથી વધુ માત્રા હોય તો તે સિવિલ સર્જનના પ્રમાણપત્રની પ્રમાણિત નકલના આધાર સહિત રૂબરૂ કચેરીનો સંપર્ક સાધી પરીક્ષા પૂર્વે સુધારો કરાવી લેવાનો રહેશે. પરીક્ષાર્થીઓના આવેદનપત્રોની માહિતીની ડેટા એન્ટ્રીની કોમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમમાં 40 ટકાથી ઓછી માત્રાવાળા પરીક્ષાર્થીને સામાન્ય (NORMAL) ગણવામાં આવશે. પરીણામ જાહેર થયા બાદ સુધારો કરવામાં આવશે નહીં.

10. જો રીપીટર ઉમેદવારોની પ્રવેશિકામાં જો કોઇ વિષયમાં ખોટું Exemption આવ્યું હોય અને તે વિષયની પરીક્ષા આપવાની થતી હોય તો તે ઉમેદવારની પ્રવેશિકાની પ્રમાણિત નકલમાં લાલ પેનથી સુધારો કરી અગાઉના વર્ષના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ સાથે રાખી રૂબરૂમાં ગાંધીનગર કચેરીમાં આવવાનું રહેશે. (આ સૂચના ખાનગી રીપીટર ઉમેદવારને પણ લાગુ પડે છે.)

11. વિદ્યાર્થીના વિષયમાં offered to Exemption (મુક્તિ) કરવાનું એટલે કે પરીક્ષા આપવાની ન થતી હોય તેવા કિસ્સામાં ઉમેદવારની અગાઉની પરીક્ષાની માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડી રજીસ્ટર પોસ્ટ દ્વારા ગાંધીનગર કચેરીને મોકલી આપવું.

→ <u>પ્રવેશિકા(Hall Ticket)માં નીચે મુજબની ભૂલ હોય તો શાળાને પ્રવેશપત્રો મળ્યા બાદ કચેરી કામકાજના સમયે કચેરીમાં રૂબરૂ સંપર્ક કરવો.</u>

1. પ્રવેશિકા (Hall Ticket) બરાબર છપાયેલ ન હોય.
2. વિદ્યાર્થીની જવાબની ભાષામાં ભૂલ હોય.
3. વિદ્યાર્થીના વિષયમાં ભૂલ હોય અથવા તે વિષય બદલાયેલ હોય કે બદલવાનો હોય.
4. મુક્તિ Exemption to offered (વિષયની પરીક્ષા આપવાની થતી હોય) બોર્ડ કક્ષાના વિષયો હોય તો -
5. વિદ્યાર્થી વિકલાંગ (DISABLED) હોય અને (NORMAL) સામાન્ય દર્શાવેલ અથવા NORMAL હોય અને DISABLED દર્શાવેલ હોય તો પ્રમાણપત્ર સાથે લાવવાના રહેશે.

→ <u>ઉપર જણાવેલ સંજોગો કે પ્રવેશિકા(Hall Ticket) ન મળ્યાના કિસ્સામાં</u>

a. ઓનલાઇન ભરેલ ઉમેદવારના ફોટાવાળા ફોર્મની પ્રમાણિત નકલ
b. ચલણની નકલ
c. શાળાના વિદ્યાર્થીઓની યાદીની નકલ

વગેરે દસ્તાવેજો લઇને તા.23/08/2020 સુધીમાં બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીએ ઉમેદવારના ૧ પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે આવવાનું રહેશે.

→ પ્રવેશપત્ર/ફી-રસીદમાં નીચે પ્રમાણેની ભૂલ જણાય તો બોર્ડની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાને બદલે શાળામાંથી જ જે તે ઉમેદવારની હૉલટીકીટની પ્રમાણિત નકલમાં જ લાલપેનથી સુધારા કરીને તારીખ:-30/08/2020 સુધી ટપાલ દ્વારા આ કચેરીને જાણ કરવી, પરંતુ આ માટે રૂબરૂ બોર્ડની કચેરીમાં આવવાની જરૂર રહેતી નથી.

1. વિદ્યાર્થીની સહી ઝાંખી દેખાતી હોય તો આચાર્યશ્રી સમક્ષ સહી કરી ત્યારબાદ ફોટો પ્રમાણિત કરવો.
2. વિદ્યાર્થીની પ્રવેશિકામાં અટક/નામ/પિતાનું નામ, જન્મતારીખમાં ભૂલ હોય તો લાલ પેનથી સુધારો કરી તારીખ:-30/08/2020 સુધી ટપાલ દ્વારા મોકલી આપશો.
3. વિદ્યાર્થીના વિષયમાં offered to Exemption (મુક્તિ) કરવાનું એટલે કે પરીક્ષા આપવાની થતી ન હોય તેવા કિસ્સામાં ઉમેદવારની અગાઉની પરીક્ષાની માર્કસીટમાં પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી.
4. અન્ય કોઇ સામાન્ય ક્ષતિ હોય જે પરીક્ષામાં બાધારૂપ ન હોય.
5. બિલ્ડીંગ કે બેઠક વ્યવસ્થા સંબંધી ક્ષતિ માટે સ્થળ સંચાલક કે ઝોનલ અધિકારીનો સંપર્ક કરવો.
6. ફી-રસીદ ઉપર વિદ્યાર્થીનો ફોટો કે સહી ન હોય અથવા બદલાઇ ગયેલ હોય તો શાળા કક્ષાએ પ્રવેશિકામાં ફોટો ચોંટાડીને આચાર્યશ્રીએ સહી-સિક્કા કરી આપવા.

નોંધ:- માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓએ ઉકત તમામ બાબતોની ચકાસણી કરીને ઉમેદવારોને પ્રવેશિકા(Hall Ticket) નું વિતરણ કરવાનું છે. વિતરણ કરતી વખતે Covid – 19 સંબંધિત આરોગ્ય

વિભાગની તમામ સૂચનાઓનું પાલન કરવાનું છે. ઉમેદવાર પરીક્ષા સ્થળે પરીક્ષા આપવા જવાનો છે માટે તેને Covid – 19 સાંબંધિત આરોગ્ય વિષયક સૂચનાઓ અને હોલટીકીટ પાછળની સૂચનાઓનો અવશ્ય ખ્યાલ આપવાનો રહેશે. હોલટીકીટનું વિતરણ સમયસર થઈ જાય તે સુનિશ્ચિત કરશો.

( બી.એ.ચૌધરી )
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

સવિનય નકલ રવાના:-

1) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
2) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી / સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ ગુજરાત રાજ્ય, તાબાની શાળાઓને જાણ કરવા સારૂં.